ધાનેરા મામલતદાર કચેરીમાં પાસ લેવા માટે લોકોની ભીડ જામી

જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓની દુકાનો ખુલ્લી રાખવા માટે આજે ધાનેરાની મામલતદાર કચેરી ખાતે મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા અને પાસ લેવા માટેની ભીડ જોવા મળી હતી સરકાર દ્વારા જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ વાળી દુકાનો ખુલ્લી રાખવા માટેના આદેશ આપવામાં આવ્યા છે પરંતુ તે દુકાનદારને દુકાન ખુલ્લી રાખે અને કોઈ તકલીફ ન પડે તે માટે તમામ દુકાનદારોને પાસ મેળવવા ફરજીયાત રહેશે ત્યારે આજે આ પાસ ને લઈને રાની મામલતદાર કચેરીમાં લોકોની ભારે ભીડ જોવા મળી હતી

ફરજ પર હોમગાર્ડ જવાનને બી.પી. વધી જતા સારવાર દરમિયાન મોત : પરિવારમાં શોક છવાયો

પાલનપુર, તા. ૩૦

પાલનપુર હોમગાર્ડ યુનિટમાં ફરજ બજાવતા એક હોમગાર્ડ જવાન કોરોના વાયરસના ભારત લોક ડાઉનના

બંદોબસ્તમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ બજાવતા ફરજ દરમીયાન બીપી વધી જતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.જેનું સારવાર દરમીયાન મોત નિપજતા પરીવારમાં શોક છવાયો હતો.

કોરોના વાયરસના પગલે સરકાર દ્વારા સમગ્ર ભારત લોક ડાઉનની જાહેરાત કરવામાં આવી છે.જેના ભાગરૂપો પોલીસ જવાનો સાથે ખભેખભો મીલાવાને હોમગાર્ડ જવાનો પણ ફરજ બજાવી કાયદો અને વ્યવસ્થાનું પાલન કરાવી જાહેર નામાનો ચુસ્ત અમલ કરાવવામાં આવી રહ્યો છે.જેના પગલે બનાસકાંઠામાં પણ કોયદો અને વ્યવસ્થા જળવાય તે માટે પાલનપુર શહેરમાં હોમગાર્ડ જવાનોને પોલીસ સાથે ફરજ સોપવામાં આવી છે.જેથી પાલનપુર શહેરમાં રહેતા અને પાલનપુર યુનિટમાં પ્લાટુન સાર્જન તરીકે ફરજ બજાવતા શૈલેષભાઈ.બી. શ્રીમાળીને પાલનપુર સિમલા ગેટ વિસ્તારમાં ફરજ સોપવામાં આવી હતી.જેથી ફરજ ઉપર હાજર હતા.તે સમયે બી.પી વધી જતા ઓમેર્ટીગ થવા લાગી હતી.

જેથી તેમની સાથેનો જવાન તાત્કાલીક સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા.ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવતા સારવાર દરમીયાન હોમગાર્ડ જવાનનું મોત નિપજ્યુ હતુ.આ ઘટનાની જાણ થતા જિલ્લા કમાન્ડન્ટ રમેશભાઈ પંડ્યા,જિલ્લા હોમગાર્ડ સબ ઈન્સપેક્ટર એલ.એચ.વ્યાસ, લીગલ ઓફીસર મનોજભાઈ ઉપાધ્યાય,ઓફિસર કમાન્ડર પ્રશાંતભાઈ ગોસ્વામી,પ્લાટુન કમાન્ડર મુસ્તાકભાઈ ચૌહાણ સહીત હોમગાર્ડ જવાનો દોડી આવ્યા હતા.અને જિલ્લા કમાન્ડન્ટ રમેશભાઈ પંડ્યાની સુચનાથી હોમગાર્ડ જવાનના પરીવારને જડપથી સરકારી સહાય મળે તે માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

હિંમતનગરમાં લોકડાઉન વચ્ચે શહેરીજનો લુંટાયા

શાકભાજી અને કરીયાણાના વેપારીઓની ઉઘાડી લૂંટ : તંત્ર લાચાર

કોરોના વાયરસને પગલે તંત્રએ સાબરકાંઠા સહીત હિમતનગરમાં લોકડાઉનનો કડક અમલ કરવાનું શરૂ કરી દીધું છે તેમાં આમપ્રજા સુંદર સહયોગ આપી રહી છે પરંતુ જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ જેવીકે શાકભાજી અને કરીયાણાની ચીજ વસ્તુઓના ભાવમાં હિમતનગરમાં કેટલાક વેપારીઓએ મનફાવે તેવા ભાવ લઈને લોકડાઉનનો ફાયદો ઉઠાવી પ્રજાને છેતરવામાં જરા પણ કસર છોડી નથી. જો આ અંગે તંત્ર સમક્ષ ફરિયાદ કરવામાં આવે તો અધિકારીઓ નામ માત્રની કાર્યવાહી કરી મામુલી દંડ વસુલીને આવા લુટારુઓને છોડી મુકે છે.

હિમતનગર સહીત જીલ્લાના વિવિધ સ્થળે લોકડાઉનના પાચમાં દિવસે એટલે કે સોમાવારે હિમતનગરમાં નગરપાલિકા અને વહીવટીતંત્ર ધ્વારા શાકભાજી તથા જીવન જરૂરિયાતની રસોડામાં વપરાતી કરીયાણાની ચીજવસ્તુઓ વેપારીઓને વેચવાની માન્યતા આપી અમુક સમય મર્યાદા સુધી દિવસ દરમિયાન કરિયાણું વેચવાની પરવાનગી આપી છે જે સારી વાત છે. જેતે વેપારીઓ ઓનલાઈન બુકિંગ લઈને ફ્રી હોમ ડીલીવરી કરી શકે તેવી વ્યવસ્થા કરી છે.

તેમછતાં શાકભાજી તરીકે ઓળખાતા ટામેટા, ડુંગળી સહિતની અન્ય શાકભાજીના ભાવમાં વેપારીઓએ તથા ફેરીયાઓએ ૨૦ ટકાથી વધુનો મનફાવે તે રીતે ભાવ વધારીને પ્રજાને લુંટવાનો શરુ કરી દીધું છે. જો કોઈ નાગરિક ફરિયાદ કરે તો તેવા ફેરીયા કે વેપારી પાસેથી નામ માત્રની કામગીરી કરીને મામુલી દંડ

વસુલવામાં આવે છે પરંતુ હકીકતમાં તેમ કરવાથી નફાખોરીની વૃતિ ધરવતા વેપારીઓ કાળા બજાર કરતા અટકશે નહિ જેથી આમ પ્રજાની માંગ છે કે આવી નફાખોરી કરતા ફેરિયા કે કરીયાણાના વેપારીઓ પકડાયતો તેમની સામે ફોજદારી અને બિન જામીનપાત્ર ગુનો નોધીને સબક શીખવાડવા જોઈએ.

ખેડબ્રહ્મા નગરપાલિકાનો પાણી વેરામાં ૧૦૦ વધારા સામે વિરોધ

ખેડબ્રહ્મા નગરપાલિકાએ રહેણાક અને બિન રહેણાંક મિલકત દીઠ પાણી વેરામાં ૧૦૦ ટકા વેરા વધારો કરવા માટે ઠરાવ કરી જાહેરાત બહાર પાડી દિન ૩૦ માં વાંધા રજૂ કવામાં જણાવવામાં આવ્યું હતું જનો સામાજિક કાર્યકરે લેખિત અરજી કરી વિરોધ દર્શાવવામાં આવ્યો છે.

ખેડબ્રહ્મા નગરપાલિકાની સામાન્ય સભા તા. ૨૭/૦૧/૨૦૨૦ ના રોજ મળી હતી જેમાં ઠરાવ નબર ૭૩ થી સને ૨૦૨૦-૨૦૨૧ ના વર્ષ માટે મિલકત દીઠ પાણી વેરામાં ૧૦૦ ટકા વેરા વધારો સૂચવામાં આવ્યો છે. અત્યારે ખેડબ્રહ્મા નગરપાલિકા હાલમાં રહેણાક અને બિન રહેણાંક મિલકતમાં સામાન્ય પાણી વેરો, દીવાબત્તી વેરો, સામાન્ય સફાઈ વેરો, અને ખાસ સફાઈ વેરો મિલકત દીઠ રૂપિયા ૫૦ લઈ રહી છે જ્યારે તેની સામે ૧૦૦ ટકા વધારો કરી મિલકત દીઠ ૧૦૦ રૂપિયા સૂચવવામાં આવ્યા છે નગર પાલિકા ધ્વારા ૨૭ માર્ચે જાહેરાત આપી દિન ૩૦ માં આ વેરા સામે કોઈને વાંધો હોય તો વિરોધ દર્શાવવા જણાવવામાં આવ્યું હતું જે અંગે ખેડબ્રહ્માના વાસણા રોડ પર રહેતા સામાજિક કાર્યકર રામજી સોમવારના રોજ નગર પાલિકામાં વાંધા અરજી આપી છે અરજીમાં જણાવ્યા અનુસાર ખેડબ્રહ્મ શહેરમાં મોટાભાગે ગરીબ અને પછાત વસ્તી રહે છે.

છેલ્લા કેટલાક વર્ષોથી વેપાર ધંધા પડી ભાંગ્યા છે. હાલમાં કોઈ આજીવિકા ના હોય લોકોને ઘર ચલાવવા મુશ્કેલ થઈ રહ્યા છે. આવા સંજોગોમાં વેરા વધારવા યોગ્ય નથી માટે નગર પાલિકાના ઠરાવ સામે વિરોધ હોઈ આ ઠરાવ સામે ફેર વિચારણા કરવામાં આવે આ અંગે સામાજિક કાર્યકર રામજી મહારાજ જણાવ્યું હતું કે જરૂર પડે તો રીટ પીટીશન દાખલ કરીશું પણ ખેડબ્રહ્માની પ્રજા પર વધારો તો નઈ જીંકવા દઈએ.

અંબાજીની પોલીસ પણ પ્રજાની રક્ષા માટે ખડેપગે તહેનાત

અંબાજી, તા. ૩૦

કોરોના વાયરસનો કહેર દિવસે અને દહાડે વધતો જઈ રહ્યો છે. ત્યારે ભારત સરકાર દ્વારા સાવચેતી અને તકેદારીના ભાગરૂપે લોકડાઉન કરવાના

આદેશો કર્યા હતા અને આ લોકડાઉનના પગલે ગુજરાત પોલીસ જવાનોનું ઉમદાકાર્ય સામે આવ્યું છે.

અંબાજી ખાતે લોકડાઉનને લઈને અંબાજીનાં બજારોની જીવન જરુરિયાતની સિવાયની તમામ દુકાનો બંધ છે અને પોલીસ પણ તહેનાત કરી દેવામાં આવી છે. ત્યારે આ અંબાજીના પોલીસ મિત્રોની સેવાને પણ બિરદાવવાલાયક છે. ત્યારે પોલિસ મિત્રો દિવસ હોય કે રાત પોતાના ઘર પરિવારની પરવા કર્યા વગર પોતાના જીવને જોખમમાં નાખી અને જનતાની રક્ષા કરવા માટે ખડેપગે તહેનાત ઉભા છે. આવી કપરી પરિસ્થિતિમાં પણ જો કોઈ રાહદારી આ પોલીસ મિત્રોને મળે તો તેમને સારી રીતે ગાઈડ કરી રહ્યા છે ત્યારે અંબાજી ખાતે પણ અંબાજીના વિવિધ પોઈન્ટ પર અંબાજીના પોલીસ જવાનો ખડેપગે તહેનાત છે અને અંબાજીની પ્રજાની રક્ષા કરવા માટે તત્પર છે. અંબાજીના પોલીસ જવાનો દિવસ રાત કે પછી ઉનાળાની કડકડતી ગરમીમાં પણ પોતાની ફરજ નિષ્ઠાવાનથી પૂરી કરી રહ્યા છે અને પોતાનો પોઈન્ટ છોડતા નથી અને પ્રજાની રક્ષા કરવા માટે ખડેપગે તહેનાત છે, ત્યારે પ્રજાએ પણ આ વાત સમજવી જોઈએ અને વગર કામ ઘરથી બહાર ના નીકળવું જોઈએ અને અંબાજી સહિત ગુજરાત પોલીસને પૂર્ણરૂપે સમર્થન આપી અને તેમની સેવા ને ખરેખર માન આપી અને તેમની કામગીરી ને બિરદાવી જોઈએ.

ખેડબ્રહ્મા અર્બુદા સેવા સમિતિ દ્વારા માસ્ક વિતરણ કરાયા

ખેડબ્રહ્મા સ્થીત ગોમતીવાળ બ્રહ્મણ સમાજ સંચાલિત અર્બુદા સેવા સમિતિ દ્વારા બ્રહ્મ સમાજના ખેડબ્રહ્મા, ગોતા અને રાધીવાડ ગામમાં સંસ્થાના સ્વયંસેવકો દ્વારા ઘેર ઘેર ફરીને ૫૦૦ વ્યક્તિઓને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. કોરોના વાયરસની અતિ ગંભીર પરિસ્થિતિમાં ગામડામાંથી ખેડબ્રહમાં ન આવી શકાય તેવી સ્થિતી ના કારણે સંસ્થાના પ્રમુખ વિશાલભાઈ જાનીએ સમાજના દરેક વ્યક્તિને પોતાના ઘરમાં રહેવા અને કોઈને પણ બહાર ન નીકળવા તથા બીજા લોકોને પણ નિયમો પાલન કરે તે માટે પ્રોત્સાઈટ કરવા અનુરોધ કર્યો હતો. અને કોઈપણ પ્રકારની મદદની જરૂર હોય તો અર્બુદા સેવા સમિતિ ધ્વારા પુરી પાડવામાં આવશે. આ માસ્ક વિતરણમાં સંસ્થાના ઉપપ્રમુખ કમલેશભાઈ જોષી, મંત્રી શરદભાઈ ત્રીવેદી તથા કિરણભાઈ અને ભરતભાઈએ આ સેવાયજ્ઞ માં સહકાર આપ્યો હતો.

મહેસાણા જિલ્લામાં ડ્રોન કેમેરા દ્વારા બાજ નજર-ભંગ કરતાં પકડાશો તો પોલીસ કાર્યવાહી

મહેસાણા, તા. ૩૦

જિલ્લા પોલીસ અધિક્ષક મનિષ સિંઘે જણાવ્યું હતું કે કોવિડ-૨૦૧૯ના પગલે જિલ્લાના લોકો અસાધારણ શિસ્ત બતાવી કલમ ૧૪૪ અને લોકડાઉનનું સંપુર્ણપણે પાલન કરે તે જરૂરી છે. તેમણે વધુ ઉમેર્યું હતું કે આ લોકડાઉન આપણા માટે અત્યંત જરૂરી છે જો તેનું પાલન કરવામાં નહિ આવેલ તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લા પોલીસ અધિક્ષકે જણાવ્યું હતું કે કોરોના વાયરસ સંક્રમણને ધ્યાને લઈને જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા કંટ્રોલ રૂમ શરૂ કરાયો છે. જિલ્લાના નાગરિકો ડાયલ ૧૦૦ તેમજ ૦૨૭૬૨-૨૨૨૧૩૩ઉપર સંપર્ક કરી શકેછે. આ ઉપરાંત નાગરિકો પણ જે સ્થળે કલમ ૧૪૪નો ભંગ થતો હોય તેમના ફોટોગ્રાફ્સ પાડી જિલ્લા પોલીસ અધિક્ષકે જાહેર કરેલ નંબર ૯૦૨૩૩૬૮૮૬૦ વોટસઅપ નંબર પર સરનામા સાથે મોકલી શકે છે જેથી પોલીસને પણ જિલ્લાના નાગરિકોની મદદ મળી શકે.

જિલ્લા પોલીસ અધિક્ષકે ઉમેર્યું હતું કે જિલ્લામાં તમામ જાહેર જગ્યાએ તથા રહેણાંક વિસ્તારના કોમન પ્લોટ, મેદાનો, બગીચાઓ પર ડ્રોન કેમરા દ્વારા બાજ નજર રાખવામાં આવી રહી છે. આ ડ્રોન કેમેરામાં નાગરિકો કોણ પણ જગ્યાએ કલમ ૧૪૪ તથા કોરોના લોકડાઉનનો ભંગ કરતા જણાઈ આવશે તો તેવા તમામ નાગરિકો વિરૂધ્ધ

કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત મહેસાણા શહેરમાં ૨૬ સ્થળોએ ૧૮૯ સીસીટીવી કેમરા નેત્રમ પ્રોજેક્ટ તળે લગાડવામાં આવ્યા છે આ સીસીટીવી કેમેરાના ફુટેજની રોજબરોજ ચકાસણી કરાશે અને ફુટેજમાં કાયદાનું ઉલ્લંઘન કરતાં સામે આવશે તો તેવા તમામ નાગરિકો સામે કાર્યવાહી કરવામાં આવશે.

પોલીસ અધિક્ષક મનિષ સિંઘે જણાવ્યું હતું કે કોરોનાના સંક્રમણને રોકવા માટે લોકડાઉન સિવાય કોઈ જ બીજો વિકલ્પ નથી. મહેસાણા જિલ્લામાં કેટલાક લોકો હજુ પણ ગંભીરતા દાખવતા નથી. પણ, હવે તેની સામે પોલીસ ગંભીર બનશે. રોગચાળાનું મોટું સંકટ માથે હોવા છતાં બેજવાબદાર બની લટાર મારવા નીકળતા કે સોસાયટીમાં જમાવડો કરતા લોકો સામે ટેક્નોલોજીનો ઉપયોગ કરી સખતાઈથી કાર્યવાહી કરવામાં આવશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે જો કોઈ યુવાન કાયદાનો ભંગ કરતો જણાશે તો તેમના માટે ભવિષ્યમાં સરકારી નોકરી મળવી કે પાસપોર્ટ બનાવવાનું મુશ્કેલ બની જશે. એટલે, લોકડાઉનનું પાલન કરવાનું હિતાવહ છે.

ડીસાના નેમિનાથ સોસાયટીમાં જાહેરનામાનો ભંગ કરવા બદલ પાંચ સામે ફરિયાદ

ડીસા, તા. ૩૦

સમગ્ર દુનિયામાં કોરોના વાયરસને લઈ હાહાકાર મચી ગયો છે. રોજબરોજ અનેક દર્દીઓ તેનો શિકાર થઈ રહ્યા છે. આ મહામારીને નાથવા ભારત સરકાર તરફથી ૨૧ દિવસ સુધી સમગ્ર દેશને લોકડાઉન કરવાના આદેશ કરવામાં આવ્યા છે અને તેનો ચુસ્ત અમલ થાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે તેમ છતાં કેટલાય સક્શો દ્વારા આ નિયમોનું પાલન ન કરવામાં આવતા પોલોસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે ડીસામાં પણ રવિવારે સાંજના છ વાગ્યાની આસપાસ ડીસાની નેમિનાથ સોસાયટીમાં કેટલાક લોકો ભેગા થઈ ગપ્પા મારતા હોવા બાબતે ઉત્તર પોલોસને માહિતી મળતા ઉત્તર પોલોસના માણસો દોડી આવ્યા હતા. જ્યાં રુસભ સુરેશભાઈ શાહ, ઋષિલ હસમુખભાઈ શાહ, મેહુલ નવીનભાઈ શાહ, સંયમ કમલેશભાઈ શાહ અને ચારિત્ર પ્રફુલભાઈ શાહ ભેગા મળી જીલ્લા કલેકટરના જાહેરનામાનો ભગ કરવા ઉપરાંત બીમારી ફેલાવવા બાબતે કલમ ૧૮૮ અને ૨૬૯ મુજબ ડીસા ઉત્તર પોલિશ ડીસાના આ. હે. કો. અશોકસિંહ મગનસિંહની ફરિયાદ આધારે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

વડગામ ટી.ડી.ઓ. સામે બિભત્સ માંગણી કરી પગાર કાપી દેવાની ધમકી અપાતાની ફરીયાદ નોંધાતા ચકચાર

વડગામમાં કેટલાક તલાટીઓ દ્વારા ફરીયાદ ન થાય તે માટે બે ત્રણ દિવસ થી ધમપછાડા કર્યા હતા

વડગામ, તા. ૩૦

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકા પંચાયત માં ફરજ બજાવતા ટી.ડી.ઓ સામે એક મહિલા તલાટી કર્મચારી એ અવાર નવાર બિભત્સ માંગણી કરીને પગાર કાપી દેવાની ધમકી અપાતી હોવાની ફરીયાદ વડગામ પોલીસ મથકે નોંધાતા વડગામ પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

વડગામ તાલુકાની એક મહિલા તલાટીને વડગામ ટી.ડી.ઓ. અમ્રતલાલ. એચ. પરમાર રહે. પાટણ દ્વારા અવાર નવાર મોબાઈલ ફોન (શોસ્યલ મિડીયા) દ્વારા મહિલા તલાટી ના મોબાઈલ માં ઓટસએપ મેસેજ કરીને બિભત્સ માંગણી કરાયાના આક્ષેપ સાથે મહિલા કર્મચારીને પગાર કાપી દેવાની ધમકી આપવામાં આવતી હોવાની ફરીયાદ વડગામ પોલીસ મથકે નોંધાતા પોલીસ દ્વારા ૩૫૪ છ (૧) (૨) મુજબનો ગુન્હો નોંધીને આગળની તપાસ હાથ ધરી હોવાનું ફરજ પરના પી.એસ.ઓ. દ્વારા જણાવામાં આવ્યુ હતુ. આમ વડગામ ટી.ડી.ઓ. સામેની ફરીયાદને લઈને વડગામ પંથકમાં હડકંપ મચી જવા પામ્યો છે.

ટી.ડી.ઓ શું કહે છે...

આ અંગે વડગામ ટી.ડી.ઓ.ને પુછતા તેઓએ જણાવ્યું હતુ કે હૂ મારી ફરજ ના ભાગ રૂપે પંચાયતમાં તપાસ કરતાં તલાટી હાજર ન મળતાં તલાટીઓને નોટીસ આપી હતી.જેમા મહિલા તલાટીઓએ આ વાત બાબતે મનદુઃખ રાખીને મને દબાવવા માટે ખોટા આક્ષેપ કરીને મારી વિરુદ્ધ ફરીયાદ નોંધાવી હોવાના આક્ષેપ કર્યો હતા.વધુ માં તેમણે જણાવ્યું હતું કે વહીવટી કામગીરી માં રુકાવટ લાવીને મારી સમક્ષ જે આક્ષેપ કરાયા છે જેના અંનુસંધાને મેં પણ સાત તલાટી ઓ સામે એટ્રોસીટીએક્ટની ફરીયાદ નોધાવી હોવાનું જણાવ્યું હતું. જ્યારે આમ તાલુકા માં થયેલ સામસામેની ફરીયાદને લઈને હાહાકાર મચી ગઈ છે. જોવાનું રહ્યું કે હવે શું થાય છે.